કપડવંજ કેળવણી મંડળ

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ

Affordable Education For All

પ્રતિભા

અંક નં. ૮૪
સપ્ટેમ્બર ૨૦૨૫

સ્થાપના વર્ષ - ૧૯૪૦

કપડવંજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ , ડીઝાઇનર: ફાલ્ગુની સુથાર, માર્ગદર્શક: અનંતભાઈ શાહ, પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

કપડવંજ કેળવણી મંડળની વિવિધ સંસ્થાઓમાં ભવ્ય નંદમહોત્સવની ઉજવણી

શ્રી એસ. સી દાણી શાળાના નંદમહોત્સવ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ મનમોહક રાસ અને ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવનું નાટક રજૂ કર્યું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શિલ્પાબેન પટેલ (વિદ્યાર્થી વંશીની માતા) અને વિજયભાઈ પટેલ (વિદ્યાર્થી દેવાન્શીના પિતા) ઉપસ્થિત રહ્યા અને પોતાના ઉદ્બોધન દ્વારા બાળકોને પ્રોત્સાહિત કર્યા.





શ્રી જડાવબા શિશુ કેન્દ્રના નાના ભૂલકાઓ દ્વારા નંદમહોત્સવની ઉજવણી ભક્તિ અને ઉત્સાહપૂર્વક કરવામાં આવી. મુખ્ય મહેમાન તરીકે હસમુખભાઈ વિરાણી, સાગરભાઈ પટેલ, ભરતભાઈ ચોકસી તથા કપડવંજ કેળવણી મંડળના હોદેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા.





કપડવંજ કેળવણી મંડળ

શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લિશ મીડીયમ સ્કુલમાં વિદ્યાર્થીઓએ મટકી ફોડ, ભજન-કીર્તન, નૃત્ય નાટિકા દ્વારા બાળગોપાલની લીલાઓ રજૂ કરી જન્માષ્ટમીની ઊજવણી કરી.





શ્રી સ્પંદન બાલમંદિરમાં નંદમહોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં મુખ્ય મહેમાન તરીકે પંકજભાઈ પટેલ, જયદીપભાઇ પટેલ તેમજ શૈલેષભાઈ પટેલ હાજર રહ્યા. બાળકોએ કૃષ્ણ જન્મ, પ્રાર્થના તેમજ અલગ અલગ કૃતિ જેમકે ગરબા, રાસ વગેરે રજૂ કરી.





શ્રી એમ.વી. પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલમાં જન્માષ્ટમીની ઉજવવામાં વિદ્યાર્થીઓ પરંપરાગત વેશભૂષામાં આવવી ભગવાન શ્રીકૃષ્ણ જીવન આધારિત નાટક અને ગરબા રજુ કર્યા.







કપડવંજ કેળવણી મંડળની વિવિધ સંસ્થોમાં જન્માષ્ટમીની ઊજવણી ધામધુમથી કરવામાં આવી, નંદ ઘેર આનંદ ભયોના નારા સાથે આખું કેમ્પસ ભક્તિમય બની ગયું.

કપડવંજ કેળવણી મંડળ

કપડવંજ કેળવણી મંડળની વિવિધ સંસ્થામાં રક્ષાબંધનની ઉજવણી

શ્રી એસ.સી. દાણી પ્રાથમિક શાળામાં રક્ષાબંધન નિમિત્તે રાખડી બનાવવાની સ્પર્ધા યોજાઈ. જેમાં 130 વિદ્યાર્થીઓએ વેસ્ટ મટિરિયલ, દોરા, ઊન, મોતી વગેરેનો ઉપયોગ કરી સર્જનાત્મક રાખડીઓ બનાવી. દરેક ધોરણમાંથી પ્રથમ અને દ્વિતીય વિજેતા જાહેર કરવામાં આવ્યા.





પ્રિ.પ્રાયમરી વિભાગમાં ભાઈ-બહેનના પ્રેમનું પ્રતીક એવા રક્ષાબંધન તહેવારની ઉજવણી આનંદપૂર્વક કરવામાં આવી. શિક્ષકોએ બાળકોને તહેવારનું મહત્વ સમજાવી ભાઈ-બહેનના પવિત્ર સંબંધ, વહેંચણી અને કાળજી જેવા મૂલ્યો શીખવ્યા. છોકરીઓ રંગબેરંગી રાખડીઓ લઈને આવી, ભાઈઓને તિલક કરીને રાખડી બાંધી અને મીઠાઈ ખવડાવી. ભાઈઓએ પણ બહેનોને ગિફ્ટ તથા શૈક્ષણિક સામગ્રી ભેટ આપતાં સૌમાં ખુશીની લાગણી છવાઈ ગઈ.







કપડવંજ કેળવણી મંડળ

વરિષ્ઠ નાગરિકો માટે ભક્તિસભર કાર્યક્રમ

હેમેન્દ્રભાઈ તેલી પ્રેરિત તથા કપડવંજ કેળવણી મંડળ આયોજિત આઠમો વરિષ્ઠ નાગરિક કાર્યક્રમ તા. 23-08-2025, પવિત્ર શ્રાવણી અમાસે યોજાયો. કાર્યક્રમની શરૂઆત પહેલાં જ મેઘરાજાએ ધોધમાર વરસાદ વરસાવ્યો હોવા છતાં આશરે 130 જેટલા વડીલજનો ઉપસ્થિત રહ્યા. જેમાં સૌએ સાથે મળી જન્માષ્ટમી મહોત્સવ ઉજવ્યો અને વક્રતુંડ મહાકાય શિવ - પાર્વતીના જાયા શ્રી ગણેશજીને આવકારી ધામ ધૂમથી ભજનો, ગરબા અને રાસ સાથે કાર્યક્રમમાં ભક્તિ સભર મઝા માણી. 108 દિવાની આરતી કરવામાં આવી જેનો લાભ સૌ ઉપસ્થિતિ સદસ્યોને મળ્યો. આ આહલાદક વાતાવરણને કે.કે.એમમાં ફરજ બજાવતા જયશ્રીબેન મોઢવાડીયાએ શ્રીકૃષ્ણનું રૂપ ધારણ કરી જીવંત બનાવ્યુ. કાર્યક્રમને અનુરૂપ પોષાકમાં આવેલ વડીલોને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. પધારેલ સૌ પરિવારના સદસ્યોને અલ્પાહાર સાથે કાર્યક્રમની મજા માણી અને અંતે પ્રીતિ ભોજન લઇ સૌ છુટા પડ્યા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કમિટીના ચેરપર્સનશ્રી નીલાબેન પંડ્યા અને શ્રી હિમાંશુભાઈ શાહના માર્ગદર્શન હેઠળ કે.કે.એમની વોલેન્ટિયર ટીમ દ્વારા કરવામાં આવ્યું.





ઋણ સ્વીકાર કાર્યક્રમ

કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓના સેવા નિવૃત ટીચિંગ તથા નોન-ટીચિંગ કર્મચારીઓનો નિવૃત્તિ વિદાયમાન (ઋણ સ્વીકાર) કાર્યક્રમ મંડળના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં યોજાયો. વિદાયમાન કર્મયોગીઓની સેવાઓને બિરદાવવા સન્માનપત્ર તથા સ્મૃતિભેટ આપી તેમનું શેષ જીવન દીર્ઘાયુ, સ્વસ્થ તથા સમાજોપયોગી નીવડે તેવી શુભકામનાઓ પાઠવી.



કપડવંજ કેળવણી મંડળ

રમત-ગમત

જીલ્લા કક્ષાએ શ્રી એસ.સી. દાણી પ્રાથમિક શાળાની ફૂટબોલ ટીમનો ગૌરવપૂર્ણ વિજય

શ્રી એસ.સી. દાણી પ્રાથમિક શાળાની અંડર-14 (ભાઈઓ) ફૂટબોલ ટીમે એસ.જી.એફ.આઈ. દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની ફૂટબોલ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી શાળા તથા શહેરનું ગૌરવ વધાર્યું છે. જિલ્લા સ્તરે યોજાયેલી આ સ્પર્ધામાં કુલ 7 શાળાઓએ ભાગ લીધો હતો. તેમાં એસ.સી.દાણીની ટીમે ઉત્તમ રમતકૌશલ્ય, શિસ્તબદ્ધ અભિગમ અને ટીમવર્કના બળ પર મેચ જીતીને વિજય મેળવ્યો. આ સફળતા પાછળ વિદ્યાર્થીઓની અવિરત મહેનત, સંઘર્ષભાવ તથા પ્રતિબદ્ધતા સાથે શાળાના પી.ટી. શિક્ષકો અને કોચનું માર્ગદર્શન અગત્યનું રહ્યું છે.



દેશભક્તિ ગીત સ્પર્ધા

શ્રી એસ.સી. દાણી શાળામાં તા. 14 ઓગસ્ટ, 2025ના રોજ સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે દેશભક્તિ ગીત સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીઓમાં દેશપ્રેમની ભાવના વિકસાવવી, સંગીત પ્રત્યેનો રસ વધારવો અને સ્ટેજ પર આત્મવિશ્વાસ વિકસાવવો હતો.

સ્પર્ધાનું મૂલ્યાંકન માણેકલાલ દેસાઈ કિશોર મંદિરની કર્મયોગી બેન શ્રી તુલસીબેન દ્વારા કરવામાં આવ્યું. તેમણે વિદ્યાર્થીઓના ઉત્સાહ અને પ્રતિભાની ખૂબ પ્રશંસા કરી.

ધોરણ 1 અને 2
પ્રથમ : હિમાલીબેન પ્રવીણભાઈ સોલંકી (ધો. 2-બ)
દ્વિતીય : હાદીયા મુસ્તાકભાઈ વોરા (ધો. 1-અ)

ધોરણ 3 અને 4
પ્રથમ : હંસલ સંજયકુમાર પ્રજાપતિ (ધો. 4-બ)
દ્વિતીય : મહર્ષિ ગોકુલકુમાર પટેલ (ધો. 4-અ)
દ્વિતીય : જીસા આશુતોષ પટેલ (ધો. 4-અ)

ધોરણ 5 અને 6
પ્રથમ : સૈયદ આહિલઅલી રાસીદઅલી (ધો. 5-અ
દ્વિતીય : મકવાણા કાવ્યા અલ્પેશભાઈ (ધો. 6-)
દ્વિતીય : પંડ્યા પંથી બ્રિજેશકુમાર (ધો. 6-બ)

ધોરણ 7 અને 8
પ્રથમ : નૈતિક વિજયભાઈ સુતરીયા (ધો. 7-બ)
પ્રથમ : પટેલ અદિતિ સંજયભાઈ (ધો. 8-ક)
દ્વિતીય : પટેલ નિસર્ગ અનિલકુમાર (ધો. 8-બ)
દ્વિતીય : પરમાર કોષા સંજયભાઈ (ધો. 7-અ)

કપડવંજ કેળવણી મંડળ

જીલ્લા કક્ષાએ કલા મહાકુંભમાં એસ.સી.દાણી શાળાની વિદ્યાર્થિનીઓએ વધાર્યું કપડવંજનું ગૌરવ

ખેડા જિલ્લા કલા મહાકુંભ અંતર્ગત તાલુકા કક્ષાની સ્પર્ધાઓનું આયોજન કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ.સી. દાણી શાળાની ઑનરશીપમાં કપડવંજ સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે થયું હતું. આ સ્પર્ધામાં ધોરણ–7ની વિદ્યાર્થિનીઓએ “કેસરિયો રંગ તને લાગ્યો રે” ગરબાની મનમોહક રજૂઆત કરીને સૌનું મન મોહી લીધું હતું અને પ્રથમ સ્થાન મેળવવાની ગૌરવશાળી સિદ્ધિ મેળવી હતી.

ત્યારબાદ તા. 24-08-2025, રવિવારે નડિયાદ ખાતે યોજાયેલી કલા મહાકુંભની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ વિદ્યાર્થિનીઓએ ઉત્તમ રજૂઆત કરીને દ્વિતીય સ્થાન હાંસલ કર્યું હતું. વિદ્યાર્થિનીઓની આ સિદ્ધિએ માત્ર શાળાનું જ નહીં પરંતુ સમગ્ર કપડવંજનું ગૌરવ વધાર્યું છે.



શિક્ષકદિનની ઊજવણી તથા સન્માન પ્રાપ્તિ



કપડવંજ કેળવણી મંડળ દ્વારા આ વર્ષે શિક્ષક દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી. જેમાં મંડળના હોદ્દેદાર શ્રીઓની ઉપસ્થિતિમાં સ્વ-નિર્ભર સંસ્થાઓના 25 શિક્ષકોને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા. પ્રી-પ્રાયમરીથી લઈને કોલેજ સુધીના શિક્ષકોને તેમની લાંબી અને નિષ્ઠાપૂર્વક સેવાઓ બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું. શિક્ષકો અને પ્રિન્સિપાલોના શિક્ષણ માટેના પ્રયત્નોને બિરદાવતો આ કાર્યક્રમ સૌ માટે પ્રેરણાદાયી બન્યો.

કપડવંજ કેળવણી મંડળ

શાળામાં BURD 2025 કાર્યક્રમનું સફળ આયોજન



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ.સી. દાણી શાળા, કપડવંજ ખાતે તા. 21/08/2025, ગુરુવારના રોજ બાલ ઊર્જા રક્ષક દળ (BURD) – 2025 કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો. આ કાર્યક્રમ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) તથા ગુજકોસ્ટના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરવામાં આવ્યો.

આ પ્રસંગે ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ લોક વિજ્ઞાન કેન્દ્ર, ખેડાના સંકલનથી કોઓર્ડિનેટર ભાવિકાબેન ભૂમિકાબેન અને દિવ્યાંગભાઈ તથા IP Officer કૃપાલીબેન શાળામાં ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમમાં 100 થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તત્કાલિન ભાષણ (Elocution), મોડેલ પ્રદર્શન (Model Exhibition) તેમજ ઊર્જા સંરક્ષણને પ્રોત્સાહિત કરતી વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ. વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર તથા પ્રમાણપત્રો એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા.

“It’s Not Just a Movement, It’s a Mission” ના સૂત્ર સાથે યોજાયેલ આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયક સાબિત થયો. આ પહેલ માત્ર જાગૃતિ પૂરતી જ નથી, પરંતુ ઊર્જા સંરક્ષણ અને પર્યાવરણ સુરક્ષા માટે વિદ્યાર્થીઓને સક્રિય દૂત બનાવવા તરફનું મક્કમ પગલું છે.

શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર

શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર પ્રાંત કક્ષાએ વિજેતા



ભારત વિકાસ પરિષદ દ્વારા ગુજરાત સેન્ટ્રલ પ્રાંતમાં આયોજિત “ભારત કો જાનો” સ્પર્ધામાં શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર શાળાએ ઉત્કૃષ્ટ સફળતા મેળવી.

આ સ્પર્ધામાં ૮૦ કરતાં વધુ ટીમોએ ભાગ લીધો. જેમાં કપડવંજ શાખાનું પ્રતિનિધિત્વ કરતી શાળાની ‘અ’ વિભાગની ટીમ – મિતવર્ધન ચૌહાણ અને જ્વલ પટેલ – એ તૃતીય સ્થાન પ્રાપ્ત કરી કપડવંજ શાખાને પ્રથમવાર આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ગૌરવ અપાવ્યું.આ સિદ્ધિ બદલ કપડવંજ કેળવણી મંડળ અને ભારત વિકાસ પરિષદ તથા શાળા પરિવાર તરફથી તમામ સ્પર્ધકોને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા.

કપડવંજ કેળવણી મંડળ

શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિરના વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએ સન્માનિત થયા

શિક્ષક દિન નિમિત્તે નડીયાદ ખાતે યોજાયેલ ખેડા જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં જિલ્લાના કુલ ૧૫ બાળકોમાંથી કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર શાળાના ૪ વિદ્યાર્થીઓને પ્રતિભાશાળી વિદ્યાર્થીનું સન્માન પ્રાપ્ત થયું.વંદન પટેલ, પ્રાચી સોની, યશ પટેલ અને હેમ પટેલ આ ચારેય વિદ્યાર્થીઓએ આ સન્માન મેળવી શાળા તેમજ તાલુકાનું ગૌરવ વધાર્યું છે. સન્માનિત તમામ વિદ્યાર્થીઓને અને શિક્ષકોને કાર્યક્રમમાં ઉપસ્થિત સાંસદશ્રી,ધારાસભ્યશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારી તેમજ પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સૌએ અભિનંદન પાઠવ્યા.





પ્રિ-પ્રાયમરી વિભાગ

વાલીઓએ શિક્ષક બની અનુભવ્યો શાળાનો દિવસ







શ્રી સ્પંદન બાલમંદિરમાં અને એમ.વી.પરીખ ઇંગ્લિશ મીડીયમ નર્સરી સ્કુલમાં વાલી સ્વયં શાસન દિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. આ પ્રસંગે સ્પંદન બાલમંદિરમાં 17 અને એમ.વી.પરીખમાંથી 16 જેટલા વાલી બહેનોએ ભાગ લીધો. વાલી બહેનોએ શિક્ષક તરીકેની ભૂમિકા ભજવીને શાળાની રોજીંદી પ્રવૃત્તિઓનો અનુભવ કર્યો. બાળકો સાથે સંવાદ સાધીને તેમની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને વર્તન પદ્ધતિને નજીકથી ઓળખવાનો મોકો પેહલીવાર મળ્યો એવું વાલીમીત્રોએ જણાવ્યું. આ ઉજવણીનો હેતુ વાલીઓ બાળકોના શાળાના કાર્યક્રમને સમજી શકે, શિક્ષણ પ્રત્યે વધુ જવાબદારી અનુભવે અને બાળકોને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપી શકે તેવો હતો.

કપડવંજ કેળવણી મંડળ

શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં શિક્ષક દિનની અનોખી ઉજવણી

શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં શિક્ષક દિનની ઉજવણીના ભાગ રૂપે નાનકડા દીપકોએ જ “ગુરુજી” બનીને સૌના દિલમાં પ્રકાશ ફેલાવ્યો.

કોઈએ પુસ્તક હાથમાં લીધું, કોઈએ નાનકડા ચોકથી જ્ઞાનની રેખા દોરી. નાનાં હોઠોમાંથી મીઠાં ગીતો ગુંજ્યાં, રમુજી વાતોમાંથી શિક્ષણ ઝલક્યું. બાળકો પોતે જ ગીત શીખવતા, ગણિત બોલાવતા અને વાર્તા કહેતા જોવા મળ્યાં ત્યારે સમગ્ર વાતાવરણ આનંદથી છલકાયું.

બાળકોના આ નિર્દોષ અભિનયથી સૌના હૃદયમાં ગર્વના ફૂલો ખીલી ઉઠ્યા. ખરેખર, શિક્ષક આપણા જીવનના દીપક સમાન છે અને બાળકોમાં શિક્ષક બનવાની લાગણી એ તેમના માન-સન્માનનું પ્રતિબિંબ છે.





શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં ગણપતિ મહોત્સવની ધામધૂમભરી ઉજવણી







કપડવંજ કેળવણી મંડળ

શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં ચોમાસાની પ્રત્યક્ષ સમજ

શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં ચોમાસાની ઋતુની સમજ આપવામાં આવી. જેમાં ચોમાસાનું આગમન, વરસાદના ફાયદા, પ્રકૃતિના થતા બદલાવ, શાકભાજી, ફળો, ચોમાસામાં ઉજવાતા તહેવારો ચોમાસામાં ખવાતી ખાણીપીણી અને ચોમાસાની મજા વિશે સમજાવવામાં આવ્યું.

બાળકો પોતાનો સર્જનાત્મક અંદાજ દેખાડતા ચોમાસાના દ્રશ્યો જેવા કે વાદળો, વરસાદની બુંદો, છત્રી, મેઘધનુષ સાથેના દ્રશ્યો ખૂબ આનંદપૂર્વક બનાવ્યા. સાથે બાળકોએ ચોમાસાની ઋતુનો ડાન્સ કરી રોમાંચક અનુભવ્યો. વાલીઓએ પણ આ કાર્યક્રમની પ્રશંસા કરી.





ગણેશોત્સવ સ્પર્ધામાં સ્પંદન બાલમંદિર પ્રથમ



શિવનેરી ગણેશ યુવક મંડળ દ્વારા આયોજિત ઇન્ટર સ્કૂલ કોમ્પિટિશનમાં શ્રી સ્પંદન બાલમંદિર મંદિરના બાળકોએ ભાગ લીધો, જેમાં "માધવ તારા મોહનજી" કૃતિએ પ્રથમ સ્થાન મેળવીને શાળાનું ગૌરવ વધારેલ છે. ભાગ લીધેલ બાળકો તેમજ વિજેતા બાળકોને શાળા પરિવારવતી અભિનંદન પાઠવવામાં આવ્યા.

શ્રીમતી સી.ડી.ગાંધી ઈ.મી.સ્કુલ

શાળાના નાનકડાં દેશભક્તો દ્વારા સ્વાતંત્ર્ય સેનાનીઓનું જીવંત પ્રતિબિંબ

શ્રીમતી સી.ડી. ગાંધી ઇંગ્લિશ મીડીયમ સ્કુલ દ્વારા 06 ઓગસ્ટ, 2025ના રોજ ધોરણ 3 થી 5ના બાળકો માટે “આપણા સ્વાતંત્ર્ય સેનાની” વિષયક ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નાનકડાં બાળકોમાં દેશપ્રેમ જગાડવો, ઇતિહાસ પ્રત્યે જાગૃતિ લાવવી તથા સ્ટેજ પર અભિવ્યક્તિ કરવાની આત્મવિશ્વાસભરી ક્ષમતા વિકસાવવાનો હતો.

દેશભક્તિથી ઓતપ્રોત વાતાવરણમાં વિદ્યાર્થીઓએ મહાત્મા ગાંધી, શહીદ ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ જેવા મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓના પાત્રોને જીવંત કર્યા. પરંપરાગત વસ્ત્રો અને ભાવસભર સંવાદો દ્વારા બાળકોના અભિનયે સૌને ભાવવિભોર કર્યા.



કપડવંજ કેળવણી મંડળ

Bal Urja Rakshak Dal (BURD) Activity Held at Smt. C.D. Gandhi English Medium School

managed by Kapadwanj Kelavani Mandal. The event Organised by Gujarat Urja Vikas Nigam limited (GUVNL) and Gujcost. Smt. C.D. Gandhi English Medium School successfully organized a Bal Urja Rakshak Dal (BURD) program on 21st August with the active participation of more than 100 enthusiastic students.

The event was conducted under the guidance of BURD officers and the supervision of the school's science teacher Mrs. Shabana Shaikh. The program aimed at creating awareness about energy conservation and sustainable practices among students. Various engaging activities such as a quiz competition and a drawing competition were held, where students showcased their creativity, knowledge, and concern for environmental protection.

Valuable Feedback



Received the Pratibha Bulletin, Episode No. 82, under the remarkable leadership of Rucha Acharya as Chief Editor, Manisha Patel as Editor, and the elegant design by Falguni Suthar. This stands as a shining example of extraordinary unity and coordination.

All the content was truly inspiring, presenting a wealth of known and lesser-known information through this wonderful medium. My heartfelt congratulations to all the students on their achievements, and my deep gratitude to the teachers whose dedication made these successes possible. The thoughtful selection of pictures itself reflects the sparkling results.

As a proud Life Member of KKM, I strongly believe that together with your team, we all Life Members must strive to share Pratibha with parents and educationists at large, spreading the fragrance of Kapadvanj Kelavani Mandal far and wide.

The various activities, celebrations, medal wins, the warmth in welcoming students to campus, and the active involvement of both students and parents are truly motivational. I wish all Principals and their colleagues the very best for their continued investment of time and effort in the development of our institutions.

Himanshu Shah
Life Member - KKM